| Cr. M. A. No. | 43/22 |
|---|---|

# **–:આંક : ૧ લગત હુકમ:–**

➔ અરજદારે હાલની અરજી **ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૨૫** મુજબ ભરણપોષણ મેળવવા માટે દાખલ કરેલ છે. આજ રોજ આ કામમાં મુદત હોય, પોકાર કરતા અરજદાર હાજર રહેલ નથી કે તેમના વકીલ શ્રી હાજર રહેલા નથી. સદર કામનુ રેકડ" જોતાં **તા. ૧૯/૧૦/૨૨** દાખલ કરવામાં આવેલ છે. આ કામે વચગાળાની અરજી પણ નિર્ણિત થઈ ગયેલ છે. ત્યારબાદથી આજ દીન સુધી અરજદાર જાતે કે અરજદારના વકીલશ્રી, હાજર રહેલા નથી કે તેના તરફથી કોઈ અરજીઓ આવેલ નથી જેથી રેકડ" જોતા જણાઈ આવે છે. આખરે અત્રેની કોર્ટ દવારા અરજદારને **તા. ૦૨/૦૧૨/૨૩ ના રોજ કાઢવામાં આવતા બજી ગયેલ છે. જે આંક ૧૩ થી રજુ છે.** આમ છતા ત્યારબાદ પણ આજ રોજ પાંચ મુદતો વીતી ગયેલ છે. આ કામમાં અરજદારને અનેક મુદતો ન્યાયના હિતમાં હાજર રહી કામ ચલાવવા માટે આપી હોવા છતા હાજર રહેલા નથી જે તેની હાલની અરજી ચલાવવા પ્રત્યેની ગંભીર બેદરકારી દર્શાવે છે.

➔ આજ રોજ પોકાર સમયે અરજદાર કે તેમના વકીલશ્રી હાજર ના રહેતા કામ બાજુ પર રાખી ફરી બીજી સીટીંગમાં પોકાર કરતા હાજર ના રહેતા, આખરે કોર્ટ ઉઠતા સમયે વાંરવાર પોકાર કરતા હાલનુ કામ અરજદારહાજર રહેલા નથી. જેથી હાલનુ કામ મુલતવી રાખવુ વ્યાજબી જણાતુ ના હોય જેથી તમામ સંજોગોને નેક લક્ષમાં લેતા અરજદારને હાલની અરજી આગળ

==============================================================

ચલાવવામાં કોઈ રસ નહી હોવાનું ફલીત થાય છે, જેથી સદર અરજી અરજદારની ગેરહાજરીના કારણે કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

**તારીખ: 17/02/2024.**
સ્થળ: સોનગઢ.

**(અમિત મહેન્દ્રભાઈ પાટડીયા)**
જજ કોડ નં. જીજે ૦૧૪૩૪.
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, સોનગઢ.

==============================================================